**વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, આ.કૃ.યુ. અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયાના સંયુક્ત ઉપક્રમે આદિવાસી મહિલાઓ માટે "બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી ફૂગ અને જીવાતો તેમજ તેનું નિયંત્રણ" વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો**

---------------------------------------------------------------------------------

વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, આ.કૃ.યુ. અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, , દેવગઢ બારીયાના સંયુક્ત ઉપક્રમે અખિલ ભારતીય સંકલિત બીજ યોજના (આદિજાતિ પેટા યોજના) અંતર્ગત તા. ૧૧-૦૧-૨૦૨૩ના રોજ **બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી ફૂગ અને જીવાતો તેમજ તેનું નિયંત્રણ** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગનું અયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગ ની શરૂઆત દીપ પ્રાગટ્ય તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રના વડા ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો તેમજ આદિવાસી મહિલાઓનું શાબ્દિક સ્વાગત કરી કેન્દ્રની સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ.એન.એમ.ગોહેલ** દ્વારા બીજજન્ય ફૂગ અને તેનાથી થતું નુકસાન અને બીજ માવજત, **ડૉ.ડી.બી.સિસોદીયા** દ્વારા બીજના સંગ્રહ દરમ્યાન બીજમાં આવતી જીવાતો અને તેનું નિયંત્રણ, **ડૉ.વાય.બી.ચૌહાણ** દ્વારા મકાઇ અને સોયાબીનની સુધારેલી જાતો તેમજ ખેતી પધ્ધતિ **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા પ્રથમ હરોળના નિદર્શનની અગત્યતા અને ખેતીમાં તેનું મહ્ત્વ **ડૉ. એકતા પંડ્યા દ્વારા** રોજિંદા આહારમાં પ્રોટીનનું મહત્વ અને **શ્રી એ.પી.સાવલિયા** દ્વારા પ્રાયોગિક રૂપે જૈવિક ફૂગ ટ્રાયકોડર્માનું સંવર્ધન પધ્ધતિઓ અને નિદર્શન જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ જેમાં ગામ: ખીરખાઈ,પારપટા, અને ઉધાવાડા તા: દેવગઢ બારીયાના કુલ ૫૦ જેટલી મહિલા ખેડૂતોએ ભાગ લીધો હતો.






આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ
AAU